September 2020

PRABHAT EDUCATION FOUNDATION

Issue No. 10

# Roshni

**Reaching Out to Serve Humanity with New Initiatives**

## અમારા વિશે

પ્રભાત એજયુકેશન ફાઉન્ડેશન સંસ્થા કે જે 2003થી અમદાવાદના વંચિતવર્ગના સ્પેશિયલ નીડ બાળકો સાથે કામ કરે છે. પ્રભાત બાળકો અને પુખ્ત વયે માનસિક અને શારીરિક પડકારોની સેવા કરે છે, તેમની સંપૂર્ણ સંભાવના પ્રાપ્ત કરવામાં મદદ કરે છે.સંસ્થા ૩ પ્રોગ્રામ દ્વારા કાર્ય કરે છે:-પ્રભાત સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન, એડવોકેસી દ્વારા નેટવર્કિંગ. પ્રભાતે એક બાળક સાથે કામ શરૂ કર્યું હતું અને આજે તેનો વિકાસ અમદાવાદમાં વિશેષ જરૂરિયાતો ધરાવતા 3000 થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો, પડોશીઓ અને સમુદાયોને સ્પર્શે છે.

## અનુભવો...

ચાર વર્ષ પહેલા એક માતા પોતાના 4 વર્ષના તુષારને લઈને પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશનના વટવા સેન્ટરમાં આવે છે અને પોતાના બાળક વિશે જણાવે છે. તુષાર સામાન્ય બાળક જેવો નથી તે પોતાની ઉંમર મુજબ કાર્ય કરવા સક્ષમ નથી. તુષાર જયારે સેન્ટરમાં આવ્યો ત્યારે ભાખોડીયા ભરીને ચાલતો હતો એટલે ચિંતા થતી કે કોઈ બાળક તેના ઉપર પગ મૂકી ના દે. શરૂઆતમાં બાળક 4 મહિના સુધી સતત રડ્યા કરતો કારણ કે તેને સ્કૂલમાં આવવું પસંદ ન હતું. તુષારને રમકડાં આપીને રમાડવામાં આવતો. તુષાર બોલતો ન હતો અને તેને વિઝન પ્રોબ્લેમ પણ છે. તેમાં તે ઘણીવાર સેન્ટરના મોટા બાળકો સાથે જઈને બેસી જતો એટલે તેની પાસેથી કાર્ય કરાવવામાં મુશ્કેલી પડતી હતી.

સેન્ટરમાં તુષાર રેગ્યુલર આવતો હોવાથી અને ટીચરના પ્રયત્નથી શાંત બેસતો અને ચાલતો થયો. ત્યારબાદ તે એક્ટીવીટીમાં પણ ભાગ લેતો થયો છે. તુષારને સેન્સરી સ્ટિમ્યુલેશન આપવામાં આવે છે તેની સાથે તેને વિઝન માટેની સેન્સરી પણ આપવામાં આવે છે. આજે તુષાર ઘણા શબ્દો બોલે છે. ક્લાસમાં બીજા બાળકોના નામ બોલે છે. ટીચરના કહેવા મુજબ કાર્ય પણ કરતો થયો છે. પહેલા તે સ્કૂલે ન આવવા માટે રડતો હતો પરંતુ હવે તે સ્કૂલે આવવા માટે રડે છે. સ્કૂલમાં રજા હોય ત્યારે એના મમ્મી ટીચરને ફોન કરીને તુષાર સાથે વાત કરાવે અને ટીચર કહે કે આજે સ્કૂલમાં રજા છે ત્યારે એ રડવાનું બંધ કરે. તુષાર પહેલાના સંદર્ભમાં અત્યારે જાતે ચાલીને સેન્ટરમાં બધી જગ્યાએ જાય છે. તુષારને ક્લાસમાં જવાનું કહેતા ક્લાસમાં જઈને લાઈનમાં બેસી જાય છે. સેન્ટરમાં વિઝીટર આવે એ તેને બહુ ગમે અને તે વિઝીટરનો હાથ પકડીને પોતાની પાસે બેસાડીને તેને પોતે જે એક્ટીવીટી કરી હોય તે બતાવે.

જયારે તુષારના મમ્મી સાથે વાત કરી ત્યારે તેમણે જણાવ્યું કે અમે અમારા ગામડે ગયા હતા ત્યારે અમારા સગા-સંબંધી કહેવા લાગ્યા કે તુષાર પહેલાના સંદર્ભમાં અત્યારે ખૂબ સમજણો થઈ ગયો છે. ઘણું-બધું બોલતો પણ થયો અને જે કહેવામાં આવે તે પ્રમાણે કરતો પણ થયો છે. ખરેખર સ્કૂલમાં જવાથી ઘણો ફેર પડ્યો છે. આ સાંભળીને તુષારના માતા-પિતા ખુશ થઈ ગયા કે અમારા બાળકના વખાણ થઈ રહ્યા છે!

By: Bhavneesha Kherala
Special Educator







**યુનિક ઈન્ટરવેન્શન**

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન અને રિવરસાઈડના બાળકો વચ્ચે લાંબા સમયથી "બડી-ઈન્ટરવેસન" પ્રોગ્રામ ચાલી રહ્યો છે. આ પ્રોગ્રામથી પ્રોત્સાહિત થઈને રિવારસાઇડ ગ્રેડ 7ના વિદ્યાર્થી દ્વારા પ્રભાતના બાળકો માટે એક ગીતની રચના કરવામાં આવી અને તેમના દ્વારા ગીત ગાવામાં આવ્યું. તે ગીતને "પ્રભાત એન્થમ"નું નામ આપવામાં આવ્યું. આખરે 30મી સપ્ટેમ્બર, 2020ના રોજ વર્ચ્યુયલ રીતે લોન્ચ કરવામાં આવ્યું. તે સમયે પ્રભાતના ફેસબુકમાંથી તે ઈવેન્ટનું લાઈવ પ્રસારણ પણ કરવામાં આવ્યું હતું. ઓનલાઈન ઝૂમ વિડીયો કોલ મારફતે રિવરસાઈડ અને પ્રભાતે એન્થમ લોન્ચિંગ ઈવેન્ટ કરી હતી. એન્થમમાં પ્રભાતનો જે સાર નીકળીને આવે છે તે ખૂબ જ અદ્ભૂત છે. એન્થમ તે ફક્ત એક ગીત જ નથી, પરંતુ તેમાં રિવરસાઈડના બાળકો અને તેમના પ્રભાતના બડી સાથેના સંબંધનું પ્રતિબીબ છે. તે પ્રભાતના સોશિયલ મીડિયા જેવા કે યુ-ટ્યુબ, વેબસાઈટ, ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ પર પણ મુકવામાં આવ્યું છે.

(https://prabhateducationfoundation.org/prahbat-anthem-my-riverside-school-grade-7/)

(https://www.facebook.com/Prabhateducationfoundation/videos/332802534489462)

(https://www.instagram.com/prabhat_education_foundation/)





**મુબારક હો!**

"બાર બાર દિન યે આયે, તુમ જીઓ
હજારો સાલ, સાલ કે દિન હો હજાર
હેપ્પી બર્થ ડે ટૂ યુ,
હેપ્પી બર્થ ડે ટૂ યુ."
પ્રભાત ટીમની જન્મદિન નિમિત્તે ખૂબ-ખૂબ શુભેછા.



09th Oct., ભાવનીષાબેન

https://www.youtube.com/channel/UCe1oxuBWMDvyCRk2EPzzjlA

https://www.instagram.com/prabhat_education_foundation/

https://www.facebook.com/Prabhateducationfoundation/

**ફંડ રાઈસિંગ** માટે ઘણી બધી કંપનીઓ સાથે સંસ્થા તરફથી કોન્ટેક્ટ કરવામાં આવી રહ્યા છે. તે કંપનીઓમાં, Worley Pvt. Ltd., Rajyash group, Gupta Family trust, Sitaram Jindal Foundation, Bani Jagtiani Trust, Impact, Dinesh Kantilal Charitable...વગેરેનો સમાવેશ થયો છે.

IMPACT એ ભારતની પ્રથમ ફિટનેસ માટેની એપ્લિકેશન છે કે જે ખૂબ સરળ હોવા છતાં કાર્યક્ષમ ડીસ્ટન્સ અને સ્ટેપ ટ્રેકર છે. આ એપ્લિકેશન માણસોને પોતાના ચાલવાથી, દોડવાથી, ઈન્ડોર વર્કઆઉટ્સ અને કેલેરીથી કોમ્યુનિટીમાં ફાળો આપવામાં સક્ષમ બનાવે છે. આપણે જાણીએ તો કોઈ માણસ આ એપ્લીકેશનથી 2000 સ્ટેપ્સ ચાલે છે તો તે પ્રમાણે ઈમેક્ટ દ્વારા નક્કી કરેલા નાણાં જે તે સંસ્થા અથવા ઓર્ગેનાઈઝેશનને મળે છે. આ રીતે IMPACT કોમ્યુનિટીને ઉપયોગી બની રહે છે. આ એપ્લીકેશનનું નાણાકીય યોગદાન માટે રૂપાંતર કરવામાં આવ્યું છે. જે વિવિધ સંસ્થાઓ જેમ કે, વેદાંત ફાઉન્ડેશન, R.B.L બેંક વગેરે દ્વારા સપોર્ટેડ છે. પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશને આ એક નવા માર્ગ તરફ પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે અને સંસ્થાએ પણ IMPACT સાથે જોડાવા અરજી આપેલી છે. સંસ્થાનું આ પગલું પોતાના બાળકો માટે ભવિષ્યમાં ઉપયોગી બની રહેશે!

**અન્ય માહિતી:-**

1.) સંસ્થા દ્વારા સપ્ટેમ્બર મહિનાથી હોમબેઝના બાળકોના પેરેન્ટ્સને પણ સેન્ટર પર બોલાવવામાં આવ્યા અને બાળકોની હોમ-એક્ટીવીટી અંગે કાઉન્સિલિંગ અને ટ્રેનિંગ આપવામાં આવી. આપવામાં આવેલ એક્ટીવીટીમાં ડ્રોઈંગ, આર્ટ-ક્રાફ્ટ, કાઉન્ટિંગ, મેચિંગનો સમાવેશ થાય છે. તે ઉપરાંત ફિઝીયોથેરાપીસ્ટ દ્વારા પેરેન્ટ્સને કસરત બતાવવામાં આવી અને ઘરે જઈને બાળકને આ રીતે કસરત કરાવવી જેનાથી બાળકોનો વિકાસ અટકે નહીં.

2.) સ્કૂલ પ્રોગ્રામની 4 સ્કૂલના બાળકોને આ મહિનામાં કોરોના વાયરસની શૃંખલા કઈ રીતે ગોઠવવી, સેફ્ટી કઈ રીતે રાખવી તે અંગેના મોડેલ વિશે ઓનલાઇન શિક્ષણ આપવામાં આવ્યું.

3.) સંસ્થા દ્વારા સપ્ટેમ્બર મહિના દરમ્યાન એસ.ટી.બસની મફત સહાય માટેના બે બાળકોના ફોર્મ ઓનલાઇન ભરાવવામાં આવ્યા. સંસ્થા બાળકોને સમાજ-સુરક્ષા એક્ટ હેઠળ સાધન-સહાય પૂરી પાડે છે. આ મહિના દરમ્યાન સાધન-સહાય માટેના 19 ફોર્મ ઓનલાઇન ભરવામાં આવ્યા. દિવ્યાંગ બાળકો કે વ્યક્તિઓને તેમની ક્ષમતા અને ઉંમર પ્રમાણે વહીલચેર, સંગીતના સાધનો, MR કીટ, હીયરીંગ એઇડ વગેરે જેવી સાધન-સહાય કરાવવા માટે 16 વર્ષથી ઉપરથી વય હોવી અનિવાર્ય છે. જેમાં એક દિવ્યાંગ બાળક કે વ્યક્તિના વધુમાં વધુ બે સાધન-સહાય અંગેના ફોર્મ ભરી શકાય છે.

4.) ડો. રાધાકૃષ્ણ સર્વપલ્લીનો જન્મદિવસ જયારે દેશભરમાં શિક્ષક-દિન તરીકે ઉજવવામાં આવતો હોય ત્યારે સંસ્થાએ પોતાના શિક્ષકો સાથે મળીને તેની ઉજવણી કરી અને એક ભેટ આપીને તેમના ઉત્સાહમાં વધારો કર્યો.

5.) "કી ટૂ હેપ્પીનેસ" સાથે સંસ્થાએ પેટ થેરાપીની શરૂઆત કરી છે. તેના આગળના આયોજન માટે ડો. રુઆબ ખેમચંદાનીએ સંસ્થાના પેરેન્ટ્સ સાથે વાતચીત કરી, કાઉન્સિલિંગ કરવાનું શરુ કરેલ છે તે ઉપરાંત સંસ્થાના સ્ટાફ મેમ્બર્સ સાથે મીટીંગનું આયોજન કરવામાં આવ્યું..


6.) અમદાવાદ યુનિવર્સીટીના 150 બાળકો સંસ્થામાં વોલિયન્ટર્સ તરીકે ફરજ બજાવવા આવ્યા, તેઓએ સ્પેશિયલ નીડ બાળકોની ક્ષમતા અને ગોળને ધ્યાનમાં રાખીને કુલ અત્યાર સુધીમાં 88 વિડીયો બનાવ્યા. તે વિડીયો સ્પેશિયલ નીડ બાળકોની દિનચર્યા અને જરૂરીયાતને લગતા હતા.અમદાવાદ યુનિવર્સીટી દ્વારા એક ઓનલાઇન મિટિંગ કરવામાં આવી. જેમાં વોલિયન્ટર્સ દ્વારા કરવામાં આવતી કામગીરી, અનુભવો તથા અન્ય સજેશન, ટાઈમવર્ક, આગળના આયોજન બાબતે ચર્ચા કરવામાં આવી, તથા સંસ્થા તરફથી ઓક્ટોમ્બર મહિનાની એક્ટીવીટીનું લીસ્ટ સ્ટુડન્ટને મોકલવામાં આવ્યું છે.

7.) પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા N.R Physiotherapy Instituteમાં સ્ટુડન્ટ માટે ફિઝિયોથેરાપી ટ્રેનિંગનું આયોજન કરેલ છે. આ ટ્રેનિંગ ઓનલાઇન વિડીયો કોલ મારફતે યોજાશે. સંસ્થાના ડો. કે કવીથા, ડેનિશ ડેવીશ અને મનીષ મિસ્ત્રી દ્વારા આપવામાં આવશે. N.R Physiotherapy instituteમાંથી ફાઉન્ડેશન લેવલના સ્ટુડન્ટ સંસ્થામાં ટ્રેનિંગ માટે આવતા હોય છે. તેઓને સંસ્થા પાસેથી ઘણું શીખવા મળ્યું છે.

8.) લાંબા સમયથી પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશનને ઓળખતા પારૂલબેન પટેલ પાસેથી હવે સંસ્થા કાયદાને લગતી સલાહ લઇ રહી છે. તેમના અનુભવ અને કુશળતાના આધારે તેઓ સંસ્થાના માળખા અને સંગઠન અંગેનું માર્ગદર્શન પ્રદાન કરી રહ્યા છે. તે ઉપરાંત ફંડ રેસિંગ કરવા માટે નેટવર્ક બનાવવા માટે પણ મદદ કરી રહ્યા છે. તેમના સમર્થનથી જ સંસ્થાની ટીમના 12 મેમ્બર્સને લેનોવોના લેટેસ્ટ ટેક્નોલોજીના ટેબ્લેટ્સ માંડ્યા છે. આ ટેબ્લેટ્સ ટીમને વિડીયો કોલ દરમ્યાન ખુબ મદદરૂપ રહે છે. પારૂલબેન ભૂતકાળમાં "જનવિકાસ" અને "પ્રથમ" સંસ્થા સાથે સંકળાયેલા હતા, તેઓ હાલમાં 'રિવરસાઇડ સ્કૂલ' સાથે જોડાયેલા છે.

9.) પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશનની વેબસાઇટને તેના નવા અવતારમાં લોન્ચ થયાને ત્રણ વર્ષ થયા છે, સંસ્થા વેબસાઇટને લગતી સમસ્યાનું માર્ગદર્શન "મેક્સસ્ટુડિયો" પાસેથી મેળવી રહી છે. તેઓએ સંસ્થાની વેબસાઇટને સુધારવાનું સૂચન કર્યું, તેની સાથે કેટલાક અપ-ગ્રેડેશન પણ કરવામાં આવ્યા છે. મેક્સસ્ટુડિયોના મેમ્બર્સ જોની અને રોબર્ટો હાલમાં સંસ્થાની વેબસાઇટને ફરીથી ડિઝાઇન કરી અને તેને વધુ અને સરળ રીતે વાપરી શકાય તે રીતે મદદ કરી રહ્યા છે. મેક્સસ્ટુડિયો સાથે ઝૂમ કોલ દ્વારા ચર્ચા થઇ રહી છે.

हैलो मित्रों ... मैं गट्टू, मैं आप लोगों से मिलने के लिए फिर से आ गया हूं। आपका गट्टू आपसे कुछ कोरोना से लगती बाते बताएगा, अब जब सब कुछ खुल गया है, तब हम लोगो को ज्यादा ख्याल रखना पडेगा।




यदि सामाजिक कार्यक्रम स्थगित नहीं किया जा सकता है, तो मेहमानों की संख्या न्यूनतम रखें।




बिना शारीरिक संपर्क के अभिवादन करें।




सार्वजनिक स्थानों पर 2 गज (6 फिट) की दूरी बनाए रखें।




आंखों, नाक और मुंह को छूने से बचें।

**बाय-बाय मित्रो फिर मिलेंगे, अगले महीने।**





Photo Gallery





**Contact Details:**

A-4, Sujal Apartment,
Opp. Satellite Bungalows,
Ramdevnagar, Ahmedabad-380015

**Phone:** +91-79-48903054
**Mobile:** +919825009427
**Email:** prabhat@prabhatedu.org
**Website:** www.prabhateducationfoundation.org